જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૦/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૧૬૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી ૫૯ વ્યક્તિઓને ઝડપી ૪૩૬ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૩ બિયરટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૬૯/૧૫**

**વાડજ :** શાહપુર વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૫ સવારનાં ૮/૪૫ વાગ્યાના સુમારે આરોપી હસમુખ (જેના પુરા નામ-સરનામાની ખબર નથી) એ અજાણ્યા રીક્ષા ચાલકની મદદગારીથી ઇન્કમટેક્ષ તરફ બ્રીજ ઉતરતાં, રીઝર્વબેંકની ગલીમાં આવેલ અભિવૃધ્ધી ફ્લેટ નજીકથી યુવતીને બળજબરીથી રીક્ષામાં બેસાડી, અપહરણ કરી આરોપીનાં વાસણા ખાતેનાં ઔડાના મકાનમાં લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લીયાકતખાન નુરમિયા ચલાવે છે.

**વિશ્વાસઘાત/છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૭૦/૧૫**

**સાબરમતી :** તેજસભાઇ ભીખાભાઇ પટેલ (રહે.સીમંધરનગર ફ્લેટ, છાયા ફ્લેટની સામે, ઘાટલોડીયા) એ તા.૨૩/૧૦/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૨ થી તા.૭/૨/૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી નિર્મલસિંહ મુક્તારસિંહ હેહર (રાજ મોટર્સનાં માલિક)(ઓફીસઃ સત્યમેવ હોસ્પીટલની સામે, ચાંદખેડા)(રહે.દેવનંદન સ્કાય, ચાંદખેડા) અને તેનાં મળતિયા આર.ટી.ઓ..કચેરીનાં અધિકારી/કર્મચારીઓએ ભેગામળી ગાડીઓનાં રજીસ્ટ્રેશનના અસલ દસ્તાવેજ તેજસભાઇની કંપની પાસે હોવા છતાં, ગાડીઓનાં પાર્સીંગને લગતાં ખોટા પેપર બનાવી, આર.ટી.ઓ. કચેરીમાં રજુ કરી, ખોટી રીતે રજીસ્ટ્રેશન કરાવી, તેજસભાઇની કંપનીની ગાડીઓનાં ડાઉન પેમેન્ટની ખોટી રસીદો બનાવી, ચોલામંડલ ફાઇનાન્સ કંપનીમાં રજુ કરી, તેજસભાઇની કંપનીનાં માલીક જશવંતભાઇ પટેલનાઓને ગાડીઓ પેટેનાં કુલ રૂપિયા ૩૨,૨૫,૧૫૮/- નહીં ચુકવી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કાલુપુર :** રક્ષિતભાઇ રાજેશભાઇ સોની (રહે.ધર્મયુગ કોલોની, વેદ મંદિરનાં ખાંચા સામે, કાંકરીયા) એ તા.૨૩/૧૦/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૦/૧૫ બપોરનાં ૧/૩૦ થી ૧/૫૦ વાગ્યા દરમ્યાન આરોપી કારીગરો (૧) તુષારકાંતી સુનિલભાઇ મેટે (રહે.ફાતિમા રેસીડન્સી, દાણીલીમડા) અને (૨) મુરાદ સીરાજુલ શેખ (રહે.રોશનાબાદ, રહેમાન ડુપલેક્ષની બાજુમાં, શાહઆલમ) નાઓએ ગુનાહિત કાવત્રુ રચી રક્ષિતભાઇને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી સોનાના દાગીના બનાવવા સારૂ તુષારકાંતીએ ૫૯૬ ગ્રામ સોનુ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- તેમજ મુરાદે ૪૬૦ ગ્રામ સોનું કિંમત રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- મેળવી લઇ, રક્ષિતભાઇ સાથે વિશ્વાસઘાત કરી પલાયન થઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**મણીનગર :** ભાવીનભાઇ રમેશચંદ્ર શાહ (રહે.કલ્યાણબાગ સોસાયટી, જુના ઢોર બજાર ચાર રસ્તા પાસે, બળિયાકાકા રોડ, કાંકરીયા, મણીનગર) એ તા.૨૩/૧૦/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૧૩ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) હેમંત હિતેષકુમાર જોષી (૨) સાગર બીપીનભાઇ જોષી (૩) મીનાબહેન હિતેષકુમાર જોષી (૪) હાર્દિક હિતેષકુમાર જોષી (તમામ રહે.ફેનિલ એવન્યુ, હરિદર્શન ચાર રસ્તા, નવા નરોડા) અને (૫) કનુભાઇ બી પંડ્યા (રહે.ઇસનપુર) નાઓએ ભેગામલી ભાવીનભાઇને વિશ્વાસમાં લઇ, ઓપરેશન કરાવવાનાં બહાને કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, આજદિન સુધી રોકડ પરત નહીં આપી, ભાવીનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ખરાડી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૭૧/૧૫**

**પાલડી :** અવનીબહેન મિતુલભાઇ શાહ(રહે.શીતલછાયા બંગ્લોઝ, દશાપોરવાડ સોસાયટી, પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૧૫ રાતના ૯/૧૫ થી તા.૨૩/૧૦/૧૫ ના કલાક ૮/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં રસોડાનાં લોખંડનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના કિમત રૂપિયા ૩,૩૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૩૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ગોહીલ ચલાવે છે.

**દાણીલીમડા :** હનીફાબીબી દાઉદભાઇ મોદન (રહે.આમીન રેસીડન્સી, શક્તિ સોસાયટીની પાસે, બહેરામપુરા, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૧૫ ના કલાક ૯/૩૦ થી કલાક ૧૦/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૭૨/૧૫**

**રામોલ :** પંકજભાઇ રાજબહાદુર રાજપુત (રહે.ન્યુ હરીશચંદ્રનગર, સુમીનનગર પાછળ, વસ્ત્રાલ, રામોલ) એ તા.૨૩/૧૦/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૮/૧૫ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાનું ડમ્પર ટ્રક નંબર જીજે ૨૭ ટી ૯૪૪૪ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૩૧/૮/૧૫ સવારનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ શ્રી હે.કો.શ્રી અરવિંદભાઇ લલ્લુભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૩/૧૫</u>**

**ચાંદખેડા :** નારણભાઇ કરશનભાઇ દેસાઇ(ઉ.વ.૭૦)(રહે.કાકીવાળો રબારીવાસ, ન્યુ બાવીકનગર સોસાયટી પાસે, જગતપુર ગામ) નાઓ તા.૨૩/૧૦/૧૫ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે મંદિરે દર્શન કરવા સારૂ જગતપુર ફાટક આઇ.ટી.નંબર-૬ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ટ્રેઇનની અડફેટે આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઇ કચરાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)